ગાંધીનગર સમાચાર

શહેરમાં અડદીયા પાક અને સાલમ પાક ઓન ડીમાન્ડ

# સે-૧ ૩માં હત્યાની અદાવતમાં ઘર સળગાવાયા

## સવારે ત્રણ છાપરાઓ સળગાવી નાંખ્યા : આગ ઓલવવા પહોંચેલી ફાયરબ્રિગેડને પણ પાણીનો મારો ચલાવવા ઈન્કાર કરી દીધો હતો : પોલીસ આવી ગઈ ત્યાર બાદ આગ પર કાબુ મેળવ્યો



ગાંધીનગર, તા.૧૮

સેકટર-૧૩ની ઝાડીઓમાં લઈ જઈને ચિકલીગર સમાજના ૨૮ વર્ષીય યુવાનની ગઈ કાલે ચાર પિતરાઈ ભાઈઓએ મળીને કરપીણ હત્યા કરી નાંખી હતી. મૃતક યુવાનના સગા મોટાભાઈએ હત્યાની અદાવતમાં આજે સવારે હત્યારાઓના ઘરમાં દિવાસળી ચાંપીને આગ લગાવી મુકી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડ આગ ઓલવવા સવારે ઘટનાસ્થળે પહોંચ્યું ત્યારે ટીમને પણ આગ ઓલવવાની ના પાડી દીધી હતી. જો કે પોલીસ આવી જતા અંતે આગ ઓલવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ત્રણ છાપરાઓનો સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

શહેરના સેકટર-૧૩માં છાપરામાં રહેતા ૨૮ વર્ષીય કરતારસિંગ કલ્યાણસિંગ ચિકલીગર ગઈ કાલે પોતાના ઘરે ચા પી રહ્યો હતો ત્યારે તેના મામાના ચાર દિકરા તેને ભુંડ પકડવા જવા બોલાવવા આવ્યા હતા. નવેક વર્ષના ભત્રીજાને લઈને કરતારસિંગ ચારેય પિતરાઈભાઈ પાસે પહોંચી ગયો હતો. સે-૧૩ની ઝાડીઓમાં લઈ ગયા બાદ ૯ વર્ષીય ત્રીજાને ભુંડ તરફ નજર નાંખવાનું કહીને કરતારસિંગને ચારેય પિતરાઈભાઈઓએ માથે ધોકો મારી છરાથી ગળુ કાપી નાંખ્યું હતું. હત્યા બાદ આજે સવારે અદાવત રાખીને મૃતકના મોટાભાઈ દિલીપસિંગ ચિકલીગરે હત્યારાઓના ઘર સે-૧૩માં સ્થિત ત્રણ છાપરાઓ સળગાવી નાંખી ખુન્નસ ઉતાર્યુ હતું. ફાયરબ્રિગેડની ટીમ સાથે ફાયર ઓફીસર મહેશ મોડ ઘટના સ્થળે પહોંચી ગયા હતા પરંતુ તેમને પણ રોકી રાખવામાં આવ્યા હતા. પોલીસ સ્થળ પર પહોંચી ગયા બાદ આગ કાબુમાં લેવામાં સફળતા મળી હતી. ત્રણેય છાપરાઓ તથા અંદર પડેલો સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

# ચાલુ વાહને બેશરમીથી થુંકતા વાહનચાલકો જોખમરૂપ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના માર્ગો પર ચાલુ વાહને થુંકતા વાહનચાલકોથી ઘણા નગરજનો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. ખાસ કરીને આ વાહનચાલકો પાછળ આવતા અન્ય બાઈક કે સ્કૂટર ચાલકો માટે ભારે અસમંજસ ભરી પરિસ્થિતિ સાથે અકસ્માતનો ભય પેદા થાય છે. ઘણી વાર આ કારણે વાહનચાલકો વચ્ચે તુ-તુ-મૈં-મૈં થી માંડીને નાની મોટી મારામારી સુધીના કિસ્સા પણ બનતા જોવા મળે છે. મોટા ભાગના નગરજનો આ પ્રકારની અસ્વચ્છતા ફેલાવતા વાહનચાલકો પ્રત્યે કડક પગલાં લેવાય તેવું ઈચ્છી રહ્યા છે.

જો તમે ટુ વ્હીલર લઈને રોડ પરથી પસાર થઈ રહ્યાં હોય અને તમારી આગળ જતી કાર અચાનક ધીમી પડે અને ધીમી ગતિએ ચાલતી કારનો દરવાજો ખૂલે તો ચેતી જજો. આ જ પ્રમાણે જયારે તમારી આગળ બાઈક કે સ્કૂટર લઈને પસાર થઈ રહેલો વાહનચાલક જો તેના ચાલુ વાહને એકાએક એક તરફ નમે તો પણ ચેતી જજો. આ બંને પરિસ્થિતિમાં કાર ચાલક કે બાઈકચાલક ચાલુ વાહને થુંકશે જેના છાંટા તમે પાછળ હોવાથી તમારી પર પડી તમારા કપડાં તો ગંદા કશે જ પરંતુ તમારા ચહેરા હાથ વગેરે શરીરના ભાગો પર પડી તમને પણ ગંદા કરી મૂકશે. આ પછી એ વાહન ચાલક પાસે 'સોરી' કહેવા સિવાય અન્ય કોઈ ઉપાય નહીં હોય અને નાહકમાં તમે ગંદકીનો શિકાર બનશે, વળી તેને થુંકતા જોઈ તેનાથી બચવાના પ્રયત્નમાં તમે કયાંક અકસ્માતનો ભોગ ન બનો.

છેલ્લા કેટલાક સમયથી

**પાછળના વાહનચાલકોની દરકાર કર્યા વગર થુંકતા વ્યસનીઓ ગંદકી ફેલાવવા સાથે અકસ્માત સર્જાવાની સ્થિતિ પેદા કરે છે : જાહેર સ્થળો પર થુંકતા તત્વો સામે કડક હાથે કામ લેવાય તેવી નગરજનોમાં માંગ**

ગાંધીનગરમાં પાન મસાલા કે ગુટખા ખાતા વાહનચાલકોમાં ચાલુ વાહને જાણે કોગળા કરતા હોય તે રીતે થુંકનારાઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. આ અસ્વચ્છતા ફેલાવતા વાહનચાલકો જયારે તેમને થુંકવું હોય ત્યારે પાછળ આવતા વાહન ચાલકનો પણ વિચાર કર્યા વગર ગમે ત્યારે થુંકવા લાગે છે જેના કારણે અન્ય વાહનચાલકો પણ તેમના દ્વારા ફેલાતી ગંદકીનો ભોગ બને છે. આમ પણ, જાહેર માર્ગો પર થુંકીને ગંદકી ફેલાવતા આવા વ્યસનીઓ માત્ર શહેરના માર્ગો ગંદા નથી કરતા પરંતુ ડામરના પાકા રસ્તાઓ પર થુંકી બિમારીઓ ફેલાવાની શકયતા પણ ઉભી કરતા જાય છે. કારણ કે ડામરના માર્ગો પરથી થુંક સુકાતું નથી જો કોઈ માટી વાળા ભાગે થુંકે તો થુંક ધુળમાં મળી જાય પરંતુ ડામરના રોડ પર તો લાંબા સમય સુધી રહેતી આ ગંદકી રોગજન્ય જીવાણુઓ માટે મોકળું મેદાન પુરું પાડે છે. માત્ર માર્ગો જ નહી પરંતુ પાર્કિંગ, શોપીંગ કોમ્પ્લેક્ષ, જાહેર મુતરડીઓ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન જેવી અનેક જાહેર જગ્યાએ પાન-મસાલા-ગુટખા ખાઈને જયાં ત્યાં થુંકનારાઓ જાહેરમાં બેશરમીથી અસહ્ય ગંદકી ફેલાવી રહ્યા છે. શહેરમાં દરેક બસ સ્ટોપની આસપાસ કે પાનના ગલ્લા, ચાની લારીઓ વગેરેની આસપાસ આ પ્રકારે ફેલાયેલી ગંદકીના થર જોવા મળે છે જે અન્ય નગરજનો માટે ભારે વિચલિત કરી મુકનારા હોય છે.

દુઃખદ વાત તો એ છે કે જાહેર સ્થળો પર ગંદકી ફેલાવવા બાબતે ગુનો નોધાવાની અને સજાની જાહેરાતો કરી ગંદકી ફેલાવતા તત્વો સામે અસરકારક પગલા ભરવાની સ્વચ્છતા અભિયાનમાં ઘણી વાતો કરવામાં આવી છે પરંતુ હકીકતમાં ખુલ્લેઆમ જાહેર માર્ગો પર બેશરમીથી થુંકતા વાહન ચાલકો પ્રત્યે કોઈ જ પ્રકારની કાર્યવાહી કરતા નથી. મોટા ભાગના નાગરિકો આવા તત્વો સામે કડક હાથે પગલા લેવાય તેના હિમાયતી છે.

# વિરાટ પુસ્તકમેળા અન્વયે નગરમાં શોભાયાત્રા નીકળી

## વિવિધ પુસ્તકો સાથે શોભાયાત્રા વાજતે ગાજતે સેકટરોમાં ફરી : ગાયત્રી પરિવારના સાધકો અને પુસ્તકપ્રેમીઓ મોટી સંખ્યામાં જોડાયા





ગાંધીનગર, તા.૧૮

ગાયત્રી પરિવારની યુગ સાહિત્ય વિસ્તાર યોજના અંતર્ગત જ્ઞાનયજ્ઞના પુસ્તક સાથે બપોરે ૨ કલાકે ગાયત્રી શકિતપીઠથી શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગાયત્રી પરિવારના સાધકો જોડાયા હતા. આ શોભાયાત્રા વાજતે ગાજતે સેકટરોમાં ફરી હતી. સેકટર-૧૨-ડીના બલરામ મંદિરના પરિસર ખાતે શોભાયાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા વિરાટ પુસ્તક મેળાને અનુલક્ષીને યોજવામાં આવી હતી. ગાયત્રી પરિવાર દ્વારા યુગ સાહિત્ય વિસ્તાર યોજના અંતર્ગત તા. ૧૯મીથી ૨૭મી ડિસેમ્બર દરમિયાન વિરાટ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૯ ડીસમ્બરથી સતત નવ દિવસ સુધી સવારે ૯ થી સાંજના ૮ કલાક દરમિયાન પુસ્તક મેળાનું આયોજન કરાયું છે. આ પુસ્તક મેળામાં 'તમામ સમસ્યાનું સમાધાન-જ્ઞાનયજ્ઞ'ના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યું છે. આ પુસ્તકો સદસાહિત્ય બ્રહ્મભોજ યોજના અંતર્ગત ૫૦ ટકા મુલ્યમાં મુલાકાતીઓને ઉપલબ્ધ થશે તેમ પણ જણાવાયું છે. વિરાટ પુસ્તક મેળામાં વ્યકિત નિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ, વિદ્યાર્થીઓ માટે પ્રેરક સાહિત્ય, રાષ્ટ્ર નિર્માણ, ગાયત્રી વિદ્યા, વ્યસન મુકિત અને પર્યાવરણ, મહિલા સશકિતકરણ સહિતના ૩૨૦૦થી વધુ પુસ્તકોનો આ વિરાટ પુસ્તક મેળામાં સમાવેશ કરવામાં આવ્યો છે. જ્ઞાનયજ્ઞના પુસ્તક મેળાની મુલાકાત લેવા શહેરીજનોને જણાવાયું છે.

# આંતર વિભાગીય મેચમાં આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની ટીમનો ફાઈનલમાં શાનદાર પ્રવેશ

ગાંધીનગર, તા.૧૮

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં સેમી ફાઈનલ મેચમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ટીમે શિક્ષણ વિભાગની ટીમ સામે શાનદાર જીત મેળવી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.



આ સેમીફાઈનલ મેચમાં આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૨૦ ઓવરમાં ૧૩૫ રન નોંધાવ્યા હતા. જેમાં ભાવિક ચૌધરીએ ૪૮ રન, અજય પટેલે ૨૦ રન અને રાજેન્દ્ર ભટ્ટે શાનદાર દેખાવ કર્યો હતો. જયારે બંકીમ ચૌધરીએ ૨ વિકેટ અને અશોક રાઠોડે ૧ વિકેટ ઝડપી હતી. બીજી બેટીંગમાં ૧૫૩ રનનો પીછો કરવા ઉતરેલી શિક્ષણ વિભાગની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી માત્ર ૧૨૩ રન જ બનાવી શકી હતી. મેચના અંતે ભાવિક ચૌધરીને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા તેમ આરોગ્ય પરિવાર કલ્યાણના ઉપ કપ્તાન રાજેશ અસોડા અને મેનેજર સી.એન. મારૂએ જણાવ્યું હતું.

## @ગાંધીનગર

● પેથાપુરના મુલચંદ્ર પાર્ક ખાતે રાત્રે ૮.૦૦ કલાકે સંતારામ પટેલના વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

● ગાંધીનગર પાસે આવેલા આર્મી સ્ટેશન દ્વારા મેગા એકસ સર્વીસમેન માટે સવારે ૧૧.૧૫ કલાકે રેલી યોજાશે.

● સે-૧૨, બલરામ મંદિર પરિસર ખાતે સવારે ૯-૦૦ કલાકે વિરાટ પુસ્તક મેળો યોજાશે.

● લેકાવાડાની ચૈતન્ય સ્કુલ ખાતે સાંજે ૫.૦૦ કલાકે ચૈતન્ય ઉત્સવ ૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે.

● રામ કથા સમિતિ દ્વારા બપોરે ૨.૦૦ કલાકે સેકટર-૫-સી, નવરાત્રી ચોક ખાતે સંજયભારતીના વ્યાસપીઠે રામકથા યોજાશે.

● શિવરંજની સંસ્થા દ્વારા યુવા ડાયરો 'યૌવન વીંઝે પાંખ'નો કાર્યક્રમ સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ભગવત ગીતા આજે પણ માનવીને રાહ બતાવે છે : રાજયપાલ

ગાંધીનગર, તા.૧૮

રાજયપાલ ઓ.પી.કોહલી આજે દહેગામ ખાતે ભાગવત વિદ્યાપીઠના ઉત્કૃષ્ઠ માટે તેમજ સંસ્કૃત બચાવો સંસ્કૃતિ બચાવોના હેતુથી આયોજિત ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાજયપાલ કોહલીએ ભાગવત સપ્તાહનો મર્મ સમજાવતા કહ્યું હતું કે, ભગવત ગીતા આજે પણ સંકટમાં પડેલા માનવીને સાચી રાહ બતાવે છે. ભગવત ગીતામાં સંસ્કૃતિનું મહત્વ સમજાવ્યું છે. સંસ્કૃતિ વિના ભારતની ઓળખ કરવી મુશ્કેલ છે. સંસ્કૃતિને ટકાવવી હશે તો સાથે સાથએ સંસ્કૃત ભાષાનું પણ સંરક્ષણ કરવું પડશે. સંસ્કૃતમાં માનવધર્મ, માનવ કલ્યાણ તત્વ સમાયેલું છે. સંસ્કૃત ધર્મનો આધાર છે. સમાજની સાચી ઓળખ તેમની સંસ્કૃતિથી થાય છે, ભૌગોલિક સીમાઓ બદલાય છે પણ સંસ્કૃતિ બદલાતી નથી. રાજયપાલએ વધુમાં જણાવ્યું હતું કે, જેમ ગીતા માનવીને સાચો રાહ બતાવે છે તે પ્રમાણે રાયાયણ પણ જીવનમાં કેવુ આચરણ કરવું તે માટે મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામનું જીવન આપણી સામે પ્રસ્તુત કરે છે. ધાર્મિક ગ્રંથો આજે પણ સમાજને સાચી દિશા આપે છે. ભાગવત વિદ્યાપીઠે સમાજને તેજસ્વી અને શ્રેષ્ઠ ઋષિકુમાર આપવાનું સદકાર્ય કર્યું છે. જે સમાજ કલ્યાણ માટે પ્રસંશનીય છે. આ પ્રસંગે રાજયપાલ ઓ.પી.કોહલીનું ભાગવત વિદ્યાપીઠના ઋષિકુમારોએ સંસ્કૃત મંત્રોચ્ચારથી સ્વાગત કર્યું હતું.

## વાતવાતમાં

● શિયાળાના પગલે શાક માર્કેટમાં તાજા શાકભાજીની આવક વધી છે. જેમાં ટામેટાના ભાવો સૌથી વધુ ગગડયાં છે ટમેટા સસ્તા થયા હોવાથી રાજકીય નેતાઓએ જાહેર સમારંભોમાં ગમેતેમ બફાટ કરવાથી ચેતતા રહેવું હિતાવહ રહેશે.

● નેશનલ હેરાલ્ડ કેસના પગલે ગાંધીનગરમાં શનિવારે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરાય તેવી શકયતા છે. આ શકયતાને પગલે પોલીસ તંત્રને 'સ્ટેન્ડ ટુ' રહેવાના આદેશો આપી દેવાયા છે.

● સે-૨૧ પોલીસ સ્ટેશનના સંકુલમાં વોલીબોલની નેટ લગાવાઈ છે. ખેલ મહાકુંભમાં રમીને જો નાગરિકોનું સ્વાસ્થ્ય સુધરતું હોય તો નવરાશના સમયે પોલીસ કર્મીઓ પણ વોલીબોલ રમી પોતાને 'ફીટ' કેમ ના રાખે?

● ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં ચાલી રહેલા જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનના પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા કોર્સના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાઓ પૂર્ણ થઈ છે. આ પરીક્ષામાં તાલીમાર્થીઓને ગુરુવારે લેવાયેલ સાંપ્રત પ્રવાહો વિષયનું પેપર ખુબ લાંબુ લાગ્યું હતું.

● આવી રહેલા નાતાલના તહેવારને પગલે નગરના ખ્રિસ્તિ પરિવારોદ્વારા ઘરોપર રોશની કરાઈ રહી છે. અનેક શ્રધ્ધાળુઓના ઘરે ઝગમગતા 'સ્ટાર' અને ક્રિસમસ ટ્રીની સજાવટ જોવા મળી રહી છે.

● શુક્રવારે નગરના થીએટરોમાં રીલીઝ થયેલ શાહરૂખખાનની દિલવાલે અને સંજય લીલા ભણશાળીની બાજીરાવ મસ્તાની સામે વિરોધ પ્રદર્શન થવાની ભીતિએ દિવસના શોઝમાં દર્શકોની હાજરી ઓછી જોવા મળી હતી. જો કે રાત્રિના શો હાઉસફુલ રહ્યા હતાં.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# મેટ્રો કૌભાંડમાં સંજય ગુપ્તા ૨૨મી સુધી રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૧૮

મેટ્રો રેલ પ્રોજેકટ શરૂ કરાય તે પહેલા જ કૌભાંડ આચરી દેનાર પૂર્વ આઈએએસ સંજય ગુપ્તાને હાઈકોર્ટ દ્વારા મળેલી રાહતનો સમય પૂર્ણ થતા ગાંધીનગર પોલીસે તેમની ધરપકડ કરી લીધી હતી. સંજય ગુપ્તા સામેના આરોપોને ધ્યાને લઈ ગુનાના પુરાવાઓ ભેગા કરવા તથા અન્ય શખ્સોની સંડોવણીઓ અંગે તપાસ કરવા માટે ગાંધીનગર પોલીસે કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરતા કોર્ટે ૨૨મી ડિસેમ્બર સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે. ગાંધીનગર ડિવિઝનના ડીવાયએસપી વાટલીયાએ ઝીણવટભરી પૂછપરછ શરુ કરી છે.

# શહેરમાં અડદીયા પાક અને સાલમ પાક ઓન ડિમાન્ડ

ગાંધીનગર, તા.૧૮

શિયાળાની સિઝનમાં દરેક વ્યકિત આરોગ્ય બનાવવાની સિઝનમાં લાગ્યો હોય છે. શિયાળામાં આરોગ્યની દ્રષ્ટિએ વિવિધ વસાણા

**ગાંધીનગર શહેરમાં દિવાળીનો ટ્રેન્ડ જોવા મળયો છે. દિવાળીમાં મીઠાઈ બોક્ષ પેંકીગમાં પોતાના સ્નેહીજનોને આપવામાં આવે છે. તેવો ટ્રેન્ડ શિયાળાની સિઝનમાં સાલમપાક, ગુંદરપાક,મેથીના લાડુ, સહિતના વસાણા પોતાના સગાઓને પેંકીગમાં આપવામાં આવે છે. શહેરમાં પણ અત્યારે હાલ વિશેષરુપે આ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. શિયાળાની સાંજે પોતાના સ્નેહીજનના નિવાસસ્થાને જઈ વસાણા આપવામાં આવે છે. જયારે શિયાળામાં વસાણાની લિજ્જત માણતા નગરજનો નજરે પડે છે.**

અને લીલી શાકભાજી ખુબજ આરોગ્યપ્રદ ગણવામાં આવે છે. પરંતુ વસાણા આરોગવાથી વર્ષ દરમિયાન શરીરની આંતરીક શકિતમાં વધારો થાય છે રોગપ્રતિકારક શકિત વધે છે. જેને પગલે વસાણામાં ડ્રાયફ્રુટનો વિશેષ ઉપયોગ કરવામાં આવે છે. નગરજનો પણ શિયાળામાં ખાસ કરીને ડ્રાયફ્રુટનો વધુ પ્રમાણમાં આરોગતા હોય છે. ત્યારે નગરના વેપારીઓ દ્વારા વિવિધ વસાણા તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં સાલમપાક,અડદીયા પાક, મેથીના લાડું,ગુંદર પાકનો સમાવેશ થાય છે. જયારે વેપારીઓના મતે





(તસવીર : કશ્યપ નિમાવત)

નગરજનો અત્યારે હાલના સમયે પણ જુનો અને જાણીતો અડદીયા પાક અને સાલમ પાકને વધુ પસંદ કરે છે. શહેરમાં રુ.૪૪૦ થી ૬૦૦ સુધીમાં વિવિધ વસાણા બજારોમાં ઉપ્લબ્ધ છે.

શિયાળાની સિઝન માનવી માટે આરોગ્યની દ્રષ્ટિએ લાભકારક હોય છે. શિયાળામાં દરેક માનવી તંદુરસ્તી માટે જાગૃત હોય છે. શરીરની સિઝન બનાવવાની રુતુ હોવાથી કસરત કરીને તેમજ અવનવા વસાણા આરોગી તંદુરસ્તી જાળવતા હોય છે. શહેરમાં શિયાળાની સિઝનમાં વેપારીઓ સાલમપાક,ડ્રાયફ્રુટખજુર પાક,ડ્રાયફ્રુટ લાડું, શુધ્ધ ઘી ના લાડું, ગુંદર પાક,અડદીયા પાક, મેથીના લાડું,કચરીયું, સહિતની ગજક,ચીકી,ખજુર બજારમાં વેચાણ કરવામાં આવે છે. બજારમાં ૪૪૦ થી ૬૦૦ રુપીયાના ભાવે મળતા વસાણા નગરજનોમાં હોટ ફેવરીટ છે. નગરજનો અત્યારે હાલ મળતા વિવિધ વસાણા ખરીદી કરતા નજરે પડે છે. શહેરના મીઠાઈના વેપારી વિપુલ સુખડીયા તેમજ બિજેશ સુખડીયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે વસાણાએ પરંપરાથી શિયાળાની સિઝનમાં આરોગવામાં આવતો ખોરાક છે. અત્યારના ફાસ્ટ જમાનામાં કોઈની પાસે ટાઈમ ન હોવાથી ખાસ કરીને કોઈ બનાવતું હોતું નથી. પરંતુ બજારમાં વિવિધ વસાણા મળતા હોવાથી સ્વાદના શોખીન નગરજનો હોંશેહોંશે ખરીદી કરે છે. મોંઘવારી હોવા છતા વસાણાના ભાવમાં ખાસ ફેર પડ્યો નથી. શહેરીજનોમાં ખાસ વર્ષોથી પરંપરાગત સાલમપાક અને અડદીયા પાક વધુ નગરજનો ખરીદે છે.

# ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળ દ્વારા આગામી તા. ૨૦મી ડિસેમ્બરના રોજ બપોરે ૩.૦૦ કલાકે સેકટર-૨૨ રંગમંચ ખાતે સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારંભમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. કાર્યક્રમની રૂપરેખા મુજબ મંત્રીનું સ્વાગત પ્રવચન, નવા સભ્યોનો પરિચય, કારોબારીની રચના કરવામાં આવશે. સમાજના તેજસ્વી તારલાઓને ઈનામો આપી સન્માનવામાં આવશે તેમજ જ્ઞાતિમાં વડીલ સદસ્યો કે જેઓના તા. ૩૧મી ડિસેમ્બર સુધીમાં ૭૫ વર્ષ પુરા થતા હોય તેઓનું પણ સન્માન કરવામાં આવશે.

આ સ્નેહમિલન સમારંભમાં મહેમાન પદે જે.બી. સોલંકી, ચીનુભાઈ ચૌહાણ, દિપકભાઈ રાઠોડ, ભરતભાઈ સોલંકી ઉપસ્થિત રહેશે તથા ટ્રસ્ટના તમામ સભ્યોને અને જ્ઞાતિના સર્વે પરિવારોને આ કાર્યક્રમમાં હાજર રહેવા ટ્રસ્ટના પ્રમુખ અમરીશભાઈ પરમારે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. અંબાલાલ રામાભાઈ રાઠોડ, ઉ.વ.૪૨
- સ્વ. જયંતિભાઈ શંકરભાઈ પ્રજાપતિ, ઉ.વ.૬૩
- સ્વ. કરતારસિંઘ કલ્યાણસિંઘ સરદાર, ઉ.વ.૩૨
- સ્વ. ભારતીબેન મોતીભાઈ પંજવાણી, ઉ.વ.૭૩